**ગર્ભશ્રીમંત હરસુખભાઇ મહેતા મટિરિયલ સાયન્સના ઇજનેર થયા છે. તેમને ઇન્ટરનેશનલ ફાઉન્ડેશન યુ.એસ.એ. દ્વારા ડોક્ટરેટ ઇન સાયન્સની માનદ પદવી આપવામાં આવી છે. તેઓ પ્રત્યેક પડકારને પ્રેમથી ઝીલીને જીવનારા માનવ છે. તેઓ ધ્રોળની છાપ ભૂંસવા કટિબદ્ધ છે.**

# સૌના સુખની પ્રાર્થના કરતા સહજ ટેક્નોક્રેટ


વિશેષ

ભદ્રાયુ વછરાજાની


2001નો ભયાનક ધરતીકંપ. કચ્છ અને ધ્રોળ-જોડિયાની પટ્ટીને હચમચાવી ગયેલો. 26મી જાન્યુઆરીના ધ્વજવંદનનો સમય હતો. એમ.ડી. મહેતા શિક્ષણસંકુલ, ધ્રોળની હજારથી વધુ વિદ્યાર્થિનીઓ ધ્રૂજી ઊઠેલી. પોતાના આચાર્યાના નિવાસને નીચે ગબડતો જોઈ ડરી ગયેલી. ધ્વજવંદન કરવાના થાંભલા પર ધ્વજ ગોઠવતો સાથીભાઈ એ થાંભલો પકડી લટકેલો! છાત્રાલયની બહેનો તો રાત્રે આફ્ટર શોક વચ્ચે ફાટી આંખે મેદાનમાં ઠંડીમાં બેઠી રહેલી. દરબારગઢ આમ પણ પુરાણો. તેની રાંગ તૂટી પડેલી... બધા જ ભયમાં થથરતા હતા. વીજળી નહીં, ફોન બંધ. કરીએ તો કોને? આવે તો કોણ આવે? સૌ પોતપોતાનું કરવામાં ડૂબેલા. કુદરત રૂઠી હતી. ધરતી ધ્રૂજી હતી. દીકરીઓને હતું કે કોઈ પિતા તુલ્ય વડીલ આવીને સાથે રહે તો સધિયારો મળે. વાયા વાયા કરતાં સાંજ સુધીમાં ખબર મુંબઈ પહોંચ્યા કારણ કે મુંબઈમાં મહેતા પરિવારે ટી.વી. પર આ વિનાશ જોયેલો. તેઓ સૌ બેબાકળા હતા. કોઈ જાનહાનિ નથી તેવી રાહત જાણીને એ બેસી ન રહ્યા. સવાર પડી ત્યાં છેક મુંબઈથી મારતી ગાડીએ હરસુખભાઈ મહેતા ધ્રોળ સંકુલમાં આવી પહોંચ્યા. બંગલામાં સીસમના ફર્નિચરમાં રહેવાનું સુખ પામેલી આ વ્યક્તિ એમ. ડી. મહેતા શિક્ષણ સંકુલ, ધ્રોળના મેદાનમાં ખંડેરની જેમ પડેલા કાટમાળ વચ્ચે આંધારામાં તાપણું કરી છાત્રાલયની દીકરીઓની વચ્ચે પલાંઠી મારી ત્રણ-ત્રણ રાત બેઠા! Silver spoon in mouth જન્મેલા હરસુખભાઈ સહાનુભૂતિ દાખવી છૂટી જાય એવા વ્યક્તિ નથી, એ તો મહાવીરની જેમ સમાનુભૂતિના વ્યક્તિ વિશેષ છે.

આજે દસ-બાર વર્ષોમાં શિક્ષણ સંકુલને હરસુખભાઈએ એવું બેનમૂન બનાવ્યું છે કે ભૂકંપની કંપારી શોધી જડતી નથી. માત્ર સંકુલ નહીં, પટાવાળાના અને શિક્ષકોનાં ગામનાં મકાનો ભાંગેલાં તો તેનેય સહાય કરી, વગર વ્યાજની લોન આપી અને એમાંથી કેટલી લોન માફ કરી! ધ્રોળને વાવાઝોડાની પણ માઠી અસર થયેલી. સંકુલમાં વર્ષો જૂનાં વૃક્ષો જડમૂળથી ઊખડી પડ્યાં. હરસુખભાઈ પ્રકોપ સામે હારનાર નથી. એમણે મુંબઈથી બેઠા બેઠા એવી લિંક સાધી કે એ બધાં જ વૃક્ષોનું ટેક્નિકલ પદ્ધતિએ રિ-પ્લાન્ટેશન આજથી વર્ષો પહેલાં કરાવ્યું. વૃક્ષોનું ઊખડી જવું હોય કે પોતાને થયેલી આંતરડાની ગંભીર બીમારી હોય,... પ્રત્યેક પડકારને પ્રેમથી ઝીલીને જીવનારા માનવ છે હરસુખભાઈ મહેતા. પિતા ગર્ભશ્રીમંત. પોતાની સ્ટીમર કરી પોતાના તબીબો અને પોતાના રસાલા સાથે અમેરિકા-યુરોપ જતા એટલા ખમતીધર મોહનલાલ દેવચંદ મહેતા. ધ્રોળ ઠાકોરસાહેબના જિગરી મિત્ર. ઠાકોરસાહેબનો આગ્રહ કે: 'અમારી દીકરીઓના શિક્ષણ માટે કંઈક કરો, જાવ અડધો દરબારગઢ આપું એમાં સ્કૂલ કરો.' મોહનભાઈ મિત્રને વચન દઈ બેઠા પણ શાળા શરૂ થાય ત્યાં તો મોટા ગામતરે ચાલી નીકળ્યા. 'હવે શું કરવું?...' ના, એવું દીકરાઓએ ન વિચાર્યું. પિતાશ્રીએ વચન આપ્યું, તો આપણી એ જવાબદારી બને છે. હરસુખભાઈ ભણતરમાં મોખરે એટલે નવી પેઢીની યુવતીઓને ભણાવવાનું કામ કુટુંબે એમને સોંપ્યું. હરસુખભાઈ છેલ્લાં બેતાલીસ વર્ષોથી આ કામમાં જીવ દઈને લાગેલા છે. ઠાકોરસાહેબ અને રાણીસાહેબાના છેલ્લા દિવસો એમ.ડી. મહેતા શિક્ષણ સંકુલની રાજવી અટારીઓમાં આ પરિવારની કાળજી વચ્ચે વીત્યા. આખો દરબારગઢ વિશાળ અને પ્રાકૃતિક શિક્ષણ પરિસરમાં પરિણમ્યો. બાલમંદિરથી લઈને બારમું ધોરણ કન્યાઓ માટે, બી.એડ્. કોલેજ, જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, સ્વરોજગારની ગ્રામહાટ, મહિલા કાનૂની સલાહ કેન્દ્ર, યુવતી વિકાસ કેન્દ્ર, જાતીય માર્ગદર્શન કેન્દ્ર, શિક્ષક-નિવાસ, છાત્રાલયો... કેટકેટલું વીકસ્યું આ પરિસરમાં? પૂરેપૂરો આર્થિક ભાર મહેતા પરિવાર પર. નો ડોનેશન. દાતાઓ પાસેથીય નહીં ને શિક્ષકો પાસેથી નિમણૂક પેઠેય નહીં. બી.એડ્. કોલેજ શરૂ થઈ ત્યારે પ્રવેશ માટે મેનેજમેન્ટ ક્વોટામાં ભાવ બોલાતા. હરસુખભાઈએ સુંદર માર્ગ શોધ્યો. મેનેજમેન્ટ ક્વોટાની સીટ પ્રવેશ સમિતિને સરેન્ડર કરી. SNDT યુનિવર્સિટીમાં કોઈ આ વાત સ્વીકારવા તૈયાર ન હતું. હરસુખભાઈ મહેતાએ પ્રવેશ સમિતિને પત્ર આપ્યો કે અમારી મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો પણ તમે ગુણાંક મુજબ જ ભરી આપો. ઘણાએ ત્યારે હરસુખભાઈને વેદિયા કહેલા, રૂઢિચુસ્ત કહેલા.

ના, હરસુખભાઈ રૂઢિચુસ્ત તો લેશમાત્ર નથી. પોતે પાક્કા જૈન છતાં છાત્રાલયમાં ડુંગળી-બટાકાની છૂટ છે, સરસ્વતીની મૂર્તિ મૂકી તેને આદરથી નમે છે. ખૂબ ભણ્યા છે, ખૂબ ફર્યા છે. મટિરિયલ સાયન્સના ઇજનેર થયા છે. નાનકડા પૈડાંથી લઈને એરોપ્લેન કે હાઈ ફાઈ કારનાં પૈડાં જેના લીધે ફરે છે તે લીસા-ચળકતા ગોળ બોલ્સ બનાવવામાં વિશ્વમાં મોખરે છે મહેતા પરિવાર. ત્રીજી પેઢી અત્યારે ઉદ્યોગ સંભાળે છે.



હરસુખભાઈ મહેતા સૌથી મોટા નથી, પણ સૌના માનીતા છે, કારણ કે તેઓ દિલના બહુ જ ભોળા છે તેથી બહુ બધા સહજ છે. તમે એમને મળો તો માની ન શકો કે એ કરોડોપતિ છે. કરાચીમાં જેની પાસે ભણ્યા તેવા ગુરુના ચરણમાં જીવનપર્યંત જઈને બેઠા છે. શારદાગ્રામનું નામ સાંભળે ત્યાં તો આંખ ભીંજાય! શારદાગ્રામ, કરાચી, પાકિસ્તાનમાં પ્રાથમિક શિક્ષણ લઈ ડોક્ટરેટની માનદ પદવી સુધી હરસુખભાઈ વિસ્તર્યા છે. ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન યુ.એસ.એ. દ્વારા ડોક્ટરેટ ઈન સાયન્સની માનદ પદવી આપવામાં આવી છે. માલ્ટા ખાતે તેમણે 'ગાંધીજી, આઈન્સ્ટાઈન એન્ડ પીસ' વિષય પર પોતાનું સંશોધન રજૂ કર્યું. તેથી હરસુખભાઈ ડોક્ટરરેટ થયા. ઉત્પાદન અને સંચાલનમાં હરસુખભાઈ જીવનમૂલ્યોના આગ્રહી રહ્યા છે. હરસુખભાઈ મહેતા ભારતમાં અમેરિકન સોસાયટી ઓફ મેટલ્સના સ્થાપક અને અધ્યક્ષ રહી વર્ષો સુધી સેવારત રહ્યા તેથી 'લાઈફ એચિવમેન્ટ એવોર્ડ'થી સન્માન પામ્યા છે. કેનેડાના મોન્ટ્રિયલ ખાતે હરસુખભાઈને અમેરિકન સોસાયટી ઓફ મેટલ્સના ઓનરરી મેમ્બરશિપ એવોર્ડથી નવાજવામાં આવ્યા છે. સો વર્ષ જૂની આ સોસાયટી દ્વારા આ નેવુંમો એવોર્ડ હરસુખભાઈને મળ્યો છે અને ઈન્ફોસિસના ચેરમેન નારાયણમૂર્તિ (2010) પછી ભારતના બીજા અને ગુજરાતના પહેલા ટેક્નોક્રેટ હરસુખભાઈ મહેતા છે, જેમને આ સન્માન પ્રાપ્ત થયું છે.

હરસુખભાઈ સન્માનના મોહતાજ નથી, કારણ તેઓ આજે પણ નાનામાં નાની દીકરી સાથે હળવાફૂલ થઈ વાત કરી શકે છે. ધ્રોળ સંકુલમાં ગરબી હોય કે એનએસએસ કેમ્પ કે ધોરણ દસ-બારનો વિદાય સમારંભ કે પટાવાળાનો નિવૃત્તિ પ્રસંગ ભારતમાં હોય એટલે હરસુખભાઈ સૌની વચ્ચે બેઠા જ હોય. ધ્રોળ-જોડિયા પંથકમાં છેલ્લાં ચાલીસ વર્ષોમાં નાની-મોટી જે શિક્ષણ સંસ્થા થઈ છે તેને ટોકન દાન હરસુખભાઈએ આપી ટેકો કર્યો છે. જ્ઞાતિઓની વિચિત્ર સ્પર્ધાઓમાં ડૂબેલી શિક્ષણ સંસ્થાઓમાં એક માત્ર એમ.ડી. મહેતા શિક્ષણ સંકુલ, ધ્રોળ છે જ્યાં માણસ હોવું જ કાફી છે, જ્ઞાતિ કોઈ પૂછતું નથી. એમ કહેવાતું કે: 'સવારમાં ધ્રોળનું નામ લો તો જમવા ન મળે...' આવા કવેણની છાપ ટાળવા હરસુખભાઈ પાસે ધ્રોળ જાઓ એટલે જમ્યા વગર આવવાની મનાઈ. પંથકની છાપ ભૂંસવા કટિબદ્ધ હરસુખભાઈ મહેતાના કોઠે સારપની એટલી ટાઢક છે કે તેઓ બીજાના પેટને અને નવી પેઢીની બુદ્ધિને ખાલી રહેવા દેવા માગતા નથી. ધરતીનાય ભાગ્ય હોય છે ને? ■


bhadrayu2@gmail.com